સંક્ષિપ્ત સમાચાર

ડભોઇના રાજલી ક્રોસિંગ પાસે ગમ્ખવાર અકસ્માતમાં એકનું મોત : ચાર ઘાયલ

ડભોઇ : ડભોઈ વડોદરા એસ.ઓ.યુ ના ટ્રાફિક ને કારણે સતત ધમધમાટ જોવા મળે છે ટ્રાફિક ને હળવુ કરવા ફોરલેન ની કામગીરી ચાલી રહી છે તેમ છતાંય અવારનવાર અકસ્માતો થતાં રહે છે આજે રાજલી ક્રોસિંગ પાસે રીક્ષા અને કાર વચ્ચે અકસ્માત નો બનાવ બનવા પામ્યો જેમાં એક મહીલા નૂ ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું અને બીજા ઘાયલોને વધુ સારવાર માટે વડોદરા મોકલી આપ્યા છે જાણવા મળ્યાં મુજબ મૃતક ૪૫ વર્ષીય મંજુલાબેન મગનભાઈ તડવી રે.અંબાવ જયારે બીજા ચાર ને ગંભીર ઇજાઓ થતાં બે પેસેન્જર ને વધુ સારવાર અર્થે લઈ જવામાં આવ્યા નું જાણવા મળ્યું છે બધા જ મુસાફરો અંબાવ ના હોવાનું જાણવા મળ્યું છે પોલીસે અકસ્માત નો ગુન્હો નોંધી આગળ ની કાર્યવાહી શરૂ કરી છે

વેજલપુર ખરસાલીયા ચોકડી પાસે લાકડા ભરેલો ટેમ્પો બગડતા એક કીમી. લાંબો ટ્રાફિક જામ

કાલોલ : કાલોલ તાલુકાના વેજલપુર પાસે ખરસાલીયા ચોકડી પાસે એક લાકડા ભરેલો ટેમ્પો રોડ મધ્યે વ્હીલ નીકળી જતા બંધ પડી જતા એક તરફનો ટ્રાફીક જામ થઈ જવા પામ્યો હતો. રાજ્ય ધોરી માર્ગ પર વાહનોની લાંબી કતારો લાગી હતી નજીકમાં પોલીસ સ્ટેશન આવેલ તેમ છતા પણ લાંબી કતારો લાગી હતી જોકે બાદમા પોલીસ સ્થળ ઉપર પહોંચી જતા ટ્રાફીક વ્યવસ્થા નિયમિત કરાઈ હતી. અને રાબેતા મુજબ નો વાહન વ્યવહાર શરૂ થયો હતો.

છોટાઉદેપુર લોકસભા 21 મહત્તમ મતદાન થાય તે માટે તંત્રની તડામાર તૈયારીઓ

તરસાણા : આગામી ૭ મી મે ના રોજ મતદાન યોજાનાર છે.લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ દરમિયાન છોટાઉદેપુર લોકસભા 21 મહત્તમ મતદાન થાય, સમાજના દરેક વર્ગો તેમના મતદાન હકનો અચૂક રીતે ઉપયોગ કરે, નૈતિક મતદાનને અને મતદારોને કોઈ પણ તકલીફ ન પડે તે માટે મતદાન મથકો ખાતે વડોદરા જિલ્લા ચૂંટણી અધિકારી માર્ગદર્શન હેઠળ ડભોઇ મામલતદાર ટીમ દ્વારા આજરોજ ડભોઇ વિધાનસભા 140 બુથ મથકો ઉપર વિઝીટ દરમિયાન પ્રાથમિક સુવિધાઓ માટે મંડપ પાણી પંખા ટેબલ લાઈટ વિગેરે તેમજ દિવ્યાંગ મતદારો માટે પણ સુવિધા ઉપલબ્ધ કરવા માટે વિઝીટ કરવામાં આવી હતી અને મતદાન માટે મતદારોને તમામ પ્રકારની સુવિધા મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવશે ને મામલતદાર કચેરી દ્વારા અખબારી યાદીમાં જણાવ્યું હતું.

દેવગઢ બારીયા તાલુકાના કાળીડુંગરી ગામે ઝોરા ફળિયાના કોતરમાંથી યુવકની લાશ મળી આવી

દેવગઢબારિયા : દેવગઢબારિયા તાલુકાના કાળીડુંગરી ગામના જોરા ફળિયામાં ઉજ્જડ નદી વિસ્તારમાં બકરા ચરાવતા ગોવાળિયા ને ઝાડ નીચે એક યુવકની લાશ હોવાનું જણાતા ગ્રામજનોને જાણ કરી હતી. ગ્રામજનો તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઇ પોલીસને જાણ કરતા દેવગઢ બારીયા પી એસ આઈ સહિત નો સ્ટાફ ઘટના સ્થળ પર પહોંચી ઓળખ કરતા યુવકની લાશ ડિસ્પોઝ હાલત માં હોઈ વધારે સમયથી પડી હોવાનું પ્રાથમિક અનુમાન લગાડી વધુ તપાસ હાથ ધરી હતી. પોલિસને મૃતક પાસેથી પાકીટ મળી આવ્યુ હતું સાથે તેના કપડા અને શરીર પર ઈશુ લખેલ મળી આવ્યુ હતું. જેને લઇને તે કાળી ડુંગરી ગામના ઝોરા ફળિયાનો હિંમત ઉર્ફે ઈશુ વિનોદ પટેલ હોવાનું બહાર આવ્યુ હતું. પોલીસે પરિવારજનોનો સંપર્ક કરી ઓળખ કરાવતા પરિવારજનોએ મૃતક ની હત્યા થઈ હોવાના આક્ષેપો કર્યા હતા.

ગુજરાતમિત્ર

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' વડોદરા પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર, પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

સરનામુ :- 28/29, બીજો માળ, હિરાવંતી ચેમ્બર્સ, આર્યકન્યા મહાવિદ્યાલય સામે, કારેલીબાગ, વડોદરા. (ફોન : 0265-2462584)

આપ અમને ઈ-મેલ પણ કરી શકો છો! gmbrdpressnote@gmail.com

ગૌશાળા નજીકના ભીલવાડા વિસ્તારમાં લાંબા સમયથી ગંદકીથી ખદબદતી ગટરોના લીધે નર્કાગારની સ્થિતિ

દાહોદ નગરમાં ગંદકીના ઢગ ખડકાયા

ગંદકીને કારણે મચ્છરનો ઉપદ્રવ ચરમસીમાએ, રોગાચળાની ભીતિ

(પ્રતિનિધિ) દાહોદ,તા,28

આગામી લોકસભાની સાતમી મેના રોજ યોજાનારી ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન કરાવવાના પ્રયાસોમાં દાહોદ નગરપાલિકાના તમામ કાઉન્સિલરો પોતાના વોર્ડની સફાઈનો મામલો બિલકુલ ભૂલી ગયા હોય તેવું દાહોદના મોટાભાગના વિસ્તારોમાં જોવા મળતી ગંદકી પરથી પ્રતીત થઈ રહ્યું છે. શહેરના ગૌશાળા નજીકના ભીલવાડા વિસ્તારમાં ઘણા લાંબા સમયથી ગંદકીથી ખદબદતી ગટરને કારણે નર્કાગાર જેવી સ્થિતિ જોવા મળી રહી છે. જે આ વિસ્તારમાં રોગચાળાને વધુ વેગ આપતી સાબિત થઈ રહી છે. દાહોદ શહેરમાં ગંદકીને કારણે મચ્છરનો ઉપદ્રવ ચરમસીમાએ જોવા મળી રહ્યો છે.

આ મામલો અવારનવાર અખબારની સુરખી બની સમાચાર રૂપે ચમકતો રહેતો હોવાથી પાલિકા તંત્ર દ્વારા એક્શનમાં આવી શહેરના કેટલાક ન્યુસન્સ પોઈન્ટો ઉપર વિશે ધ્યાન આપવામાં આવતા સફાઈના મામલામાં કેટલાક અંશે સુધારો જોવા મળી રહ્યો છે. ત્યારે શહેરના ગૌશાળા નજીક આવેલ ભીલવાડા વિસ્તારમાં બબ્બે ધર્મસ્થાનો આવેલ હોવા છતાં અને દર્શનાર્થીઓની રોજ અવરજવર રહેતી હોવા છતાં ઘણા લાંબા સમયથી આ વિસ્તારમા દુર્ગંધ મારતી ગંદકીથી ખદબદતી ગટર તેમજ ગટરની આસપાસ થયેલા કચરાના ઢગ યથાવત રહેવાને કારણે આ વિસ્તારમાં પણ મચ્છરનો ઉપદ્રવ ચરમ સીમાએ રહેતા ભયંકર રોગચાળો ફેલાવાનો ભય સતાવી રહ્યો છે. આ વિસ્તારની ગંદકીથી ખદબદતી ગટર તથા ગટરની આસપાસના કચરાના ઢગના મામલે અખબારી માધ્યમ દ્વારા પાલિકા તંત્રના સત્તાધીશોના કાન અવારનવાર આમળવામાં આવ્યા હોવા છતાં સ્થાનિક તંત્રના સત્તાધિશો પર તેની કોઈ અસર ન થતા આજે ઘણા લાંબા સમય છતાં ભીલવાડાની આ દારૂણ સ્થિતિ યથાવત જોવા મળી રહી છે. આ વિસ્તારમાં રામદ્વારા મંદિર તથા વિશ્વકર્મા મંદિર જેવા બબ્બે ધાર્મિક સ્થાનો આવેલા છે.

હાલ પાલિકાના તમામ કાઉન્સિલરો વોર્ડ વાઈસ લોકસભાની ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે માટેના પ્રયાસો હાથ ધરવામાં વ્યસ્ત બન્યા છે. ત્યારે તે કાઉન્સિલરો ઘરે ઘરે લોક સંપર્ક માટે આ વિસ્તારમાં પણ ચોક્કસ ગયા હશે. તો તેઓને આ વિસ્તારની ગંદકીથી ખદબદતી નર્કાગાર સમી ગટર તેમજ તે ગટરની આસપાસના કચરાના ઢગ જોવા તો જરૂર મળ્યા હશે. પરંતુ તે પ્રત્યે તેઓએ આંખ આડા કાન કર્યા હશે. કારણ કે તેઓને હાલ પ્રજાના વોટની જરૂર છે. પ્રજાને સુવિધા પ્રદાન કરવામાં કોઈ રસ નથી તેવું ફલિત થઈ રહ્યું છે. આ વિસ્તારમાં ગંદકીથી ખદબદતી દુર્ગંધ મારતી ગટરની ગંદકી તથા તેની આસપાસના કચરાના ઢગ હટાવી તે જગ્યા સાફ સુથરી બનાવવાની તસ્દી પાલિકાના સત્તાધીશો દ્વારા ક્યારે લેવામા આવશે તે હવે જોવું રહ્યું !!!

છોટાઉદેપુર તાલુકામાં વીજ પુરવઠો શરૂ

ખેતી માટે વીજ પ્રવાહ મળતા ખેડૂતોમાં ખુશીની લહેર વ્યાપી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર,તા,28

છેલ્લા 20 દિવસથી ખેતીવાડી માટે નિયમિત વીજ પુરવઠો ન મળતા ખેડૂતો છોટાઉદેપુર મુખ્ય મથક ખાતે મધ્યગુજરાત વીજ કંપની ખાતે રજૂઆત કરવા પણ ગયા હોય અને મીડિયા સમક્ષ ખેડૂતોએ પોતાનો રોષ ઠાલવ્યો હતો. સદર સમાચાર વર્તમાન પત્રોમાં પણ પ્રકાશિત થયા હતા. જે બાબતે તંત્ર દ્વારા ખેડૂતોની સમસ્યાને પ્રાધાન્ય આપી તાત્કાલિક રીપેરીંગ કામગીરી કરાવી વીજળીનો સપ્લાય શરૂ કરી દેવામાં આવતા ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી હતી.

પરંતુ વારંવાર થતાં લાઈન ફોલ્ટ ને કારણે વીજળી બંધ થઈ જતી હોય જેથી વીજળી બાબતે રીપેરીંગની કામગીરી કરવાની જરૂર હતી એ બાબતે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી અને આજરોજ વીજ સપ્લાય શરૂ કરી દેવામાં આવ્યો હતો. ખેડૂતોની માંગણી એમજીવીસીએલ દ્વારા તાત્કાલિક વીજ પ્રવાહ શરૂ કરી દેવામાં આવતા ખેતરમાં અડદ, તલ, મગફળી, મકાઈ, બાજરી, તથા શાકભાજી ની ખેતીને જીવનદાન મળ્યું છે. ખેતી કામ માટે ખેડૂતોને સરકાર દ્વારા 8 કલાક વીજળી આપવાનો નક્કી થયું હોય જે બાબતે આજરોજ પૂરતી વીજળી મળી હતી તેમ ખેડૂતો જણાવતા હતા.

કાલોલના ઘુસર ગામે ફાંસો ખાઈ લેતા યુવકનુ મોત

(પ્રતિનિધિ) કાલોલ,તા,28

કાલોલ તાલુકાના ઘુસર ખાતે ગુપ્તેશ્વર મહાદેવ પાણીની ટાંકી સામે રહેતા ભલાભાઈ બેચરભાઈ નાયક ઊ વ ૩૨ શુક્રવારે સાંજે ૫ થી ૫:૩૦ ના સમય દરમિયાન કોઈ અગમ્ય કારણસર વળી ઉપર ફાટેલી સાડી બાંધી ગળે ફાંસો ખાઈ જતા મરણ પામેલ જે અંગેની જાણ તેઓના સસરા અરવિંદભાઈ નવલાભાઇ નાયક દ્વારા વેજલપુર પોલીસ મથકે કરતા પોલીસે સીઆરપીસી કલમ ૧૭૪ મુજબ અકસ્માત મોત ની નોધ કરી આગળની તપાસ કાર્યવાહી શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા રોડ રસ્તાઓની સારી સુવિધાઓ ઉભી કરવા છતાં અકસ્માતોનો આંકડો વધતો જ જતો જાય છે તેના પાછળનુ કારણ વાહનચાલકો પોતે છે કે પછી વાહનવ્યવહાર વ્યવસ્થા તે હજુ સુધી ચોક્કસ કહી શકાય તેમ નથી.

નગર પાલિકા સદસ્યો પ્રચારમા મસ્ત અને પ્રજા ગંદકીથી ત્રસ્ત

ઝાલોદના રામસાગર તળાવના કિનારે ગંદકીના થર જામ્યા

નગરના એક માત્ર તળાવને સાચવવા વહીવટી તંત્ર નિષ્ફળ

(પ્રતિનિધિ) દાહોદ,તા,28

ઝાલોદ નગરમાં સવાર સાંજ તળાવના કિનારે નગરજનો ફરવા નીકળતા હોય છે તેમજ રામસાગર તળાવની કિનારે જ રામેશ્વર મહાદેવ મંદિર પણ આવેલ છે આ મંદિરે સવાર સાંજ દર્શનાર્થીઓ ભાગવાન ભોળાનાથના દર્શન કરવા નિત્ય આવતા હોય છે. નગરપાલિકા વહીવટી તંત્ર દ્વારા રામસાગર તળાવને સુંદર બનાવવા માટેની મોટી મોટી વાતો કરવામાં આવી હતી તેમજ રામસાગર તળાવને સુંદર બનાવવા ટેન્ડરીંગ પણ થઈ ગયેલ છે તેવી પણ નગરપાલિકાએ નગરજનોને કહેલ છે છતાય નગરપાલિકા વહીવટી તંત્ર દ્વારા તળાવને સુંદર બનાવવા કોઈ કામગીરી કરી હોય તેવું જોવા મળતુ નથી.

પાલિકા દ્વારા નગરના વિકાશ અને આયોજન માટે કરોડોનો રૂપિયા વાપરી રહી છે પણ ક્યાંય નગરપાલિકા દ્વારા કોઈ કામગીરી કરી હોય તે જોવા મળતું નથી, હાલ નગરના વિકાસના નામે વર્ષો થી ટૂટી ગયેલ રોડના નવીનીકરણ સિવાય કોઈ કામગીરી જોવાઈ રહેલ નથી. રામસાગર તળાવ એ નગરના સહેલાણીઓ માટે ફરવા અને તાજી સુદ્ધ હવા ખાવા માટેનું એકમાત્ર સ્થળ છે પણ તેની જાળવણી કરવામાં પણ નગરપાલિકા વહીવટી તંત્ર ઊણું ઊતર્યું હોય તેવું લાગી રહેલ છે. તળાવના કિનારા ઓ પર ઉભરાતી ગંદકીને લઈ તળાવના કિનારે નગરજનો બેસી પણ સકતા નથી. તેમજ તળાવની ચારે બાજુ ફરતી વાડની દિવાલો પર પણ ઘાસ ઉગી આવેલ જોવા મળી રહે છે.

એમ.જી.વી.સી.એલ વહીવટીતંત્ર લોકોનો રોષ ભભૂક્યો

ડભોઈમાં વીજ બિલ ભરવાની ઓફિસના અભાવે ગ્રાહકોને હાલાકી

નાગરિકોને વીજ બિલ ભરવામાં ખુબ જ મુશ્કેલી વેઠવી પડે છે

(પ્રતિનિધિ) ડભોઇ,તા,28

ડભોઈમાં વીજ ગ્રાહકો ને બાકી વીજ બિલ ભરવા ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.ડભોઈમાં લાલબજાર ખાતે આવેલ ખાદી ભંડારમાં લાઈટબિલ લેવામાં આવતા હતા તે છેલ્લા કેટલાક દિવસ થી બંધ કરવામાં આવતા ડભોઈ ના નાગરિકોને વીજ બિલ ભરવા ભારે હાલાકી પડી રહી છે.આ અંગે ખાદી ભંડાર નો સંપર્ક કરવામાં આવતા તેઓ એ જણાવ્યું કે એમ.જી. વી.સી.એલ દ્વારા કોઈ પણ પ્રકાર ની નોટિસ આપ્યા વગર બિલ લેવાનું બંધ કરવા જણાવવા માં આવ્યું હતું.જે બાદ ડભોઈનું એક માત્ર વીજ બિલ ભરવાનું કેન્દ્ર બંધ કરવાની ફરજ પડી હતી. ડભોઇ વીજ વિભાગ ની ઓફીસ ડભોઇ ના છેવાડે જી.આઈ.ડી.સી પાસે આવેલ હોવાથી ડભોઈની બહાર બિલ ભરવા જવું મુશ્કેલ હોવાથી લોકોમાં એમ.જી.વી.સી. એલ પ્રત્યે રોષ જોવા મળી રહ્યો છે. ડભોઇ માં એમ.જી.વી.સી. એલ દ્વારા નગર ની મધ્ય માં બિલ ભરવા માટે ઓફીસ શરૂ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.MGVCL ના અનગઢ વહીવટ ભોગ નવરજનો બની રહ્યા છે. ડભોઇ માં લોકો ના ઘરે આપવામાં આવતા વીજ બિલ માં પણ બિલ ઓનલાઈન ભરવા ની સૂચના આપવામાં આવી રહી છે.

પરંતુ સવાલ એ છે કે દરેક ના ઘરે ઓનલાઈન બિલ ભરવા માટે વ્યવસ્થા ન હોય તેવા ગ્રાહકો ક્યાં જાય. આ સાથે જ ડભોઇ માં ખાદી ભંડાર દ્વારા બિલ લેવાનું બંધ કરવામાં આવતા તેનો ફાયદો ઉઠાવવા ખાનગી સી.એસ.સી સેન્ટરો દ્વારા ઓનલાઈન બિલ ભરી આપવા બિલ પર વધારા નો ચાર્જ લઈ બિલ ભરવામાં આવતા ગ્રાહકો પર વધુ બોજો પડતા ગ્રાહકોમાં MGVCL પ્રત્યે નારાજગી જોવા મળી છે.લોકો ની માંગ છે.

હાલોલ તાલુકાના કાટડીયા ગામે પરમાર ફળિયામાં ઘાસના પૂળામાં ભીષણ આગ લાગતા ઘરવખરી બળીને ખાખ

હાલોલ : હાલોલ તાલુકાના અરાદ ગામ પાસે આવેલા (નેશ) કાટડીયા ગામે પરમાર ફળિયામાં આવેલ ભાથીજી મંદિર પાસે ગામમાં રહેતા ઠાકોરસિંહ રૂપસિંહ પરમાર અને વિનોદભાઈ નરવતભાઈ પરમારનો ઘાસના પુળાનો વિશાળ પ્રમાણમાં જથ્થો મુકેલો હતો જે ઘાસના પુળામાં કોઈ કારણોસર એકાએક આકસ્મિક સંજોગોમાં આગ લાગવાની ઘટના સર્જાઈ હતી જેમાં મંદિર પાસે જમીન પર મુકેલા ઘાસના પુળાના વિશાળ જથ્થામાં આગ લાગતા ધુમાડાના ગોટેગોટા ઉઠ્યા હતા. ઘટનાની જાણ ફાયર ફાયટરને કરતા લાશ્કરોએ આવી પહોચી પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેતા સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

હાલોલ નગરપાલિકાની ફાયર ફાઈટરની ટીમની સરાહનીય કામગીરી

વિવિધ ઝેરી બિન ઝેરી પ્રકારના 10 જેટલા સાપ સહિત 02 ચંદનઘોને જંગલમાં સલામત છોડ્યા

(પ્રતિનિધિ) હાલોલ,તા,28

હાલોલ નગરપાલિકાની ફાયર ફાઈટરની ટીમમાં જાનવરોના રેસ્ક્યુનું કામ કરતા કર્મચારીઓએ છેલ્લા બે દિવસમાં હાલમાં ચાલી રહેલી આગ ઓકતી કાળઝાળ ગરમીના પ્રકોપને કારણે પોતાના દરમાંથી બહાર આવી માનવ વસવાટમાં આવી ચઢેલા વિવિધ ઝેરી બિન ઝેરી પ્રકારના ૧૦ જેટલા સાપ સહિત ૦૨ ચંદન ઘોને પકડી પાડી સહી સલામત જંગલ વિસ્તારમાં છોડ્યા હતા. કેટલાક પ્રકારના ઝેરી બીન ઝેરી સાપ સહિતના ચોપગા જાનવરો પોતાના દરોમાંથી બહાર નીકળી માનવ વસવાટ ધરાવતા રહેણાક વિસ્તારોમાં આવી ચઢતા ભારે ભય અને ફફડાટનો માહોલ ફેલાઈ રહ્યો છે

ત્યારે સમગ્ર હાલોલ પંથકમાંથી વિવિધ ઝેરી બિન ઝેરી પ્રકારના સરિસૃપો સહિતના વિવિધ ઝેરી તેમજ અન્ય હિંસક ચોપગા જાનવરો સહિતના તમામ પ્રકારના જાનવરો તેમજ તમામ પ્રકારના પશુ પક્ષીઓના બચાવ તેમજ ઉત્થાનની કામગીરી કરતા તેમજ

તમામ પ્રકારના પશુ પક્ષીઓ અને જાનવરોનું જોખમી દિલ ધડક રેસ્ક્યુ કરી તેઓને માનવ વસવાટમાંથી પકડી જંગલ વિસ્તારમાં સહી સલામત છોડવાની કામગીરી કરતા હાલોલ નગરપાલિકાની ફાયર ફાઈટરની ટીમના કર્મચારી તેમજ નેચર સેવિંગ ફાઉન્ડેશનની ટીમ સાથે જોડાયેલા જીવ દયા પ્રેમી જયેશ કોટવાળ અને વાય. કે. પટેલ તેમજ મયુરધ્વજસિંહ સહિતના કર્મચારીઓએ છેલ્લા બે દિવસ એટલે કે શુક્રવાર અને શનિવારે જેમાં શુક્રવારે વહેલી સવારથી લઈ આજે શનિવારે સાંજ સુધીમાં હાલોલ નગરના અલગ અલગ વિસ્તારોમાં આવી ચડેલા વિવિધ પ્રકારના ઝેરી બીન ઝેરી સાપો તેમજ ચંદન ઘો જેવા હિંસક દેખાતા જાનવરો પ્રાણીઓનું રેસ્ક્યું કર્યું હતું અને સહી સલામત મા દૂર જંગલમાં છોડવામાં આવ્યા હતા.

છોટાઉદેપુરમાં ઉર્સના મેળામાં ધિંગાણું, 60ના ટોળા સામે ફરિયાદ

ઝઘડામાં 6 જણાને ઢોર માર્યાર્ય

(પ્રતિનિધિ) છોટાઉદેપુર,તા,28

છોટાઉદેપુરમાં કિલ્લાના મેદાનમાં ગત રાત્રીએ ભરાયેલા ઉર્સના મેળામાંથી ડ્રેગન બોટની સીડીમાંથી ભુપેન્દ્રભાઈ મહેશભાઈ ભોઈ મહિલાઓ સાથે નીચે ઉતરતા હતા તે વખતે અમુક ઈસમો મહિલાઓને ભૂંડી ગાળો બોલતા હોય અને છેડતી કરતા હોય તે બાબતે ફરિયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપીએ ઉશ્કેરાઈને ફરિયાદી ભુપેન્દ્રને ઢીકા પાટુનો માર માર્યો હતો. અને સીડી માંથી નીચે ઉતારી લોખંડની પાઈપ વડે ભુપેન્દ્રને શરીરે આડેધડ ઘા મારી 50 થી 60 માણસોનું ટોળું ભેગું કરી ગેરકાયદેસર મંડળી રચી 11 જેટલા આરોપીઓએ લોખંડની પાઈપો, લોખંડની સળીઓ, લોખંડની હથોડી, જેવા પ્રાણ ઘાતક હથિયારો ધારણ કરી એક ઈસમે એક મહિલાને લોખંડની પાઈપ વડે માથામાં ઈજા કરી હતી. અને ફરિયાદી ભુપેન્દ્ર તથા અન્ય 6 યુવાનોને મૂંઢમાર માર્યો હતો તથા ઈજાઓ કરી હતી. અને ભૂંડી ગાળો બોલી હતી. અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અને કલેકટરના હથિયાર બંધીનાં જાહેરનામનો ભંગ કર્યો હોય જે બાબતે છોટાઉદેપુર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.